# રવિવારે ટાઉન હૉલમાં પપ્પાનાં પ્રેમ લગ્ન નાટક

ગાંધીનગર, તા. ૧૩ સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૭મે ને રવિવારના રોજ 'પપ્પાનાં પ્રેમ લગ્ન' નામક નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૬ વર્ષથી ગુજરાતની રંગભૂમિ સાથે પ્રવૃત્ત કોરસ નાટ્ય સંસ્થા, અમદાવાદનું ૯૪મું નાટક 'પપ્પાનાં પ્રેમ લગ્ન' રવિવારે રાત્રે ૯ કલાકે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે યોજાશે. નાટકના લેખક નિલેશ રૂપાપરા અને અસ્લમ પરવેઝ (મુંબઈ) છે, નિર્દેશન નિમેષ દેસાઈનું છે અને નાટકમાં પૂજા સોની, સુનિલ વાઘેલા, દીપેન રાવલ, જાગૃતિ ઠાકોર, ઉષા ભાટિયા તથા યશ સોની અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા નાટકના પાસ સૌ સભ્ય પરિવારોને મોકલી દેવામાં આવ્યાછે, તેમ છતાં કોઈ સંજોગોમાં પાસ ન મળે તો પણ આ નાટક માણવા પધારવા સભ્ય પરિવારોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ધો.-૧૨ના સાયન્સના વિદ્યાર્થીઓ ગુજકેટ કે નેટની પરીક્ષા માટે દ્વિધામાં

ગાંધીનગર, તા. ૧૩ ધોરણ-૧૧ અને ૧૨માં સેમિસ્ટર પધ્ધતિમાં ત્રીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગુજકેટ અને નેટની બંને પરીક્ષા લઈ શકે નહી? તે પરીક્ષાનું વેઈટેજ કેટલું રહેશે? ધોરણ-૧૨ પછીના મેડીકલ તથા ઈજનરી શાખામાં પ્રવેશ માટે ચારેય સેમેસ્ટરનું વેઈટેજ કેટલું રહેશે? ઉપરાંત મેડીકલના પ્રવેશ માટે નેટ ચાર સેમેસ્ટર કે ગુજકેટ ગણાશે. આ તમામ વિગતોથી માત્ર વિદ્યાર્થીઓ વાલીઓ, શિક્ષકો અજાણ નથી પરંતુ આરોગ્ય અને શિક્ષણ ખાતું પણ અજાણ છે. સેમિસ્ટર પધ્ધતિ દાખલ થઈ ત્યારે જાહેરાત થયેલી કે ગુજકેટ પરીક્ષા કાઢી નંખાશે અને પહેલાં અને ત્રીજા સેમિસ્ટરમાં એનસીક્યુ રાખવા આમ વિદ્યાર્થીઓને ભાર વગરનું ભણતર થશે. જો બોર્ડ દ્વારા સેમિસ્ટર પધ્ધતિમાં ગુજકેટની પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓને ચારેય અથવા છેલ્લા બે સેમેસ્ટરની તૈયારી કરવી રહેશે. હવે ચોથા સેમિસ્ટરની પરીક્ષા ૨૨મી એપ્રિલ ૨૦૧૩માં પૂરી થવાની છે અને ગુજકેટની પરક્ષા ૩૦મી એપ્રિલ ૨૦૧૩ના રોજ લેવાની છે.

આ પરીક્ષા વચ્ચે સમયગાળો ફકત ૭ દિવસનો રહે છે. જે સમયગાળામાં ધોરણ ૧૧-૧૨ના ત્રણ વિષયો ગણિત, જીવવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાનની તૈયારી કરવી પડે. જે ખૂબ ઓછો સમય મળે તેવું છે.

તેજ રીતે નેટની પરીક્ષા પણ મે મહિનાના પ્રથમ સપ્તાહમાં લેવાય તેને પણ તૈયારી કરવો પડે. આમ નેટ અને ગુજકેટ પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓને ખૂબ જ ટૂંકાગાળામાં તૈયારી કરવી પડશે. જો પરીક્ષા લેવાય તો વિદ્યાર્થીઓની હાલત કફોડી બને તેમ છે. વિદ્યાર્થીઓને તૈયારી અંગે કંઈ સમજાતું નથી.

ત્રીજું સમિસ્ટર ચાલું થઈ ગયું છે. કોઈ નિર્ણય લેવાયો નથી જેથી વિદ્યાર્થીઓ મુંજવણ ભરી હાલતમાં છે અને અન્યાય વિદ્યાર્થીઓને ભોગવવો પડશે તેમ જણાય છે. તો શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગે વિદ્યાર્થીના હિતમાં યોગ્ય નિર્ણય લેવાય તેમ વિદ્યાર્થીઓ ચાતક ડોળે રાહ જોઈ રહ્યા છે.



ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવનો આરંભ થઈ રહ્યો છે એટલે કે નાનાં ભૂલકાઓને શાળામાં આવકારવાનો પ્રસંગ ઉજવાઈ રહ્યો છે. બાળકોને આવતાંવેત જ શાળામાં ગમી જાય એવા વાતાવરણનું સર્જન આ દિવસે કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ધો. ૧૦-૧૨ના તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૧૩ ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ૧૫ વર્ષ પૂર્ણ કરેલ હોવાથી તેની ઉજવણી કરનાર છે. વિશેષમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પર્સન્ટેલાઈજ માર્ક સિવાય ૭૫ ટકા અને તેથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીને સન્માનવામાં આવશે. આ માટે કોઈ જ્ઞાતિ જાતિ કે ધર્મનો ભેદ વગર સન્માનવામાં આવશે.

નિયત ફોર્મ ગાંધીનગર નાગરિક સેવા સમિતિ દુકાન નં.૬ માઈક્રો શોપિંગ સેકટર ૧૭-૨૨ બસ સ્ટેન્ડની બાજુમાં સેકટર-૨૨ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી મળી શકશે. ત્યાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત નવીનચંદ્ર સોનેરી મો.૮૫૧૧૩ ૭૧૦૧૨, હિંમતલાલ મેકવાન મો. ૯૩૭૪૧ ૮૨૯૦૦, એલ.એન. પરમાર મો. ૯૩૭૭૩ ૭૨૮૯૪, હંસાબેન પરમાર મો. ૯૪૨૬૫ ૮૨૬૪૭ સંપર્ક સાધવા જણાવેલ છે.

# ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૩ ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારીની સભા તા. ૧૦ એપ્રિલના રોજ મળી હતી. આ સામાન્ય સભામાં શિક્ષક સહાય યોજના અંતર્ગત તમામ સકાર્યોમાં વધારો કરવામાં આવ્યો છે.

જેમ કે સભાસદ શિક્ષક મૃત્યુ સહાય પહેલાં રૂા. ૫૦૦૦ ચૂકવવામાં આવતી હતી જેને વધારીને રૂા. ૧૦,૦૦૦ કરવામાં આવી છે. સભાસદ શિક્ષક અસાધ્ય બિમારી જેવી કે કેન્સર, ટીબીની બિમારીમાં પહેલાં રૂા. ૨૫૦૦ સહાય ચુકવવામાં આવતી હતી. જેમાં વધારો કરીને રૂા. ૫૦૦૦ નક્કી કરવાં આવેલ છે. નવા સુધારા મુજબ તમામ સહાયો ચૂકવવામાં આવશે. તેમજ જિલ્લાના સભાસદ શિક્ષક ભાઈ-બહેનનાં તેજસ્વી બાળકોની વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા મેળવ્યા હોય તેમની અરજી માન્ય રાખવામાં આવતી હતી. જેમાં સુધારો કરીને ૬૫ ટકા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અરજી માન્ય રાખવામાં આવશે. અન્ય તમામ પ્રવાહોમાં ૭૫ ટકા મેળવનાર વિદ્યાર્થીઓની અરજી માન્ય રહેતી જેમાં સુધારો કરી ૭૦ ટકા પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓની અરજી માન્ય રખાશે.

આવેલ અરજીઓમાંથી પ્રથમ-દ્વિતીય ક્રમ અને તૃતીયક્રમ મેળવનાર વિદ્યાર્થીને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીના સિક્કાથી સન્માનિત કરવામાં આવશે.

# વિદ્યાર્થી પાસ માટે ડેપોમાં બે કાઉન્ટર કાર્યરત કરાયા

## શાળા સંચાલકો પણ ફોર્મ સુપ્રત કરી વિદ્યાર્થીઓને પાસ આપી શકશે

ગાંધીનગર, તા.૧૩ નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓને એસ.ટી. પાસ મેળવવા કતારમાં સમય ન બગાડવો પડે તે માટે ડેપો કક્ષાએ બે કાઉન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. જયારે શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના ફોર્મ્સ સુપ્રત કરવામાં આવે તેવા કિસ્સામાં પણ સરળતાથી પાસ મેળવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સલામત સવારીમાં રોજબરોજ અપડાઉન કરનારાઓની સંખ્યામાં વિદ્યાર્થીઓનું પ્રમાણ વિશેષ હોય છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર એસ.ટી. ડેપોની આવક પૈકી માત્ર ૩૦ ટકા જ આવક રોકડી થાય છે. અલબત્ત ટીકીટ લઈને બેસતા મુસાફરોની સંખ્યા ઘણી ઓછી છે. જયારે પાસના આધારે રોજબરોજ અપડાઉન કરતા નોકરીયાત અને વિદ્યાર્થીવર્ગનું પ્રમાણ નોંધપાત્ર છે. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે ખાસ કરીને વિદ્યાર્થીઓએ પાસ મેળવવા માટે કતારમાં ઉભા ન રહેવું પડે તેવા આશયથી એસ.ટી. ડેપો દ્વારા બે કાઉન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં વિદ્યાર્થીઓનો સમય ન બગડે અને કતાર ન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શાળાના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના ફોર્મ એકત્રિત કરી આપવામાં આવશે તેવા કિસ્સામાં પણ સરળતાથી પાસ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# મેડીકલ પ્રવેશ ફોર્મ ભરવા માટેની આજે છેલ્લી તારીખ

## અત્યાર સુધીમાં ૨૦૨૩૪ જેટલા ફોર્મ વેચાયા છે જેમાંથી ૧૬૮૨૭ ફોર્મ પરત આવ્યાં છે

અમદાવાદ, તા.૧૩ અમદાવાદની બી.જે.મેડીકલ કોલેજ ખાતેની મેડીકલ અને પેરામેડીકલ સમિતિ દ્વારા બહાર પડાયેલા પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહમાં આવતીકાલ ૧૪મી જૂન છેલ્લો દિવસ છે.

જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા માંગતા હોય તેમના માટે આવતીકાલનો છેલ્લો દિવસ છે. મેડીકલ સૂત્રોનાં જણાવ્યા અનુસાર આવતીકાલે ગુરૂવાર પ્રવેશ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી બાદમાં કોઈપણ સંજોગોમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૨૦૨૩૪ જેટલા ફોર્મ વેચાયા છે જેમાંથી ૧૬૮૨૭ ફોર્મ પરત આવ્યાં છે.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં નૈવેદ્ય વગર કામ ફળતું નથી...!

ગાંધીનગર, તા. ૧૩ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં પૈસા મુક્યા વિના કામ આગળ વધતું નથી. તે વાત બહુ સ્પષ્ટ બનેલ છે.

પ્રાથમિક શિક્ષકની બદલીમાં રૂા. ૨૫૦૦૦ની લાંચ લેતાં જુનિયર કર્લાક લાંચના છટકામાં પકડાઈ ગયો. પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણખાતા વર્ગ-૧ના નિવૃત અધિકારીનું છઠ્ઠા પગાર પંચમાં પગાર નિયત કરી રિવાઈઝડ પેન્શન મંજુર થઈ શકતું નથી. વારંવાર ધક્કા ખાવા છતાં તેમનું કામ લાંબા સમય સુધી થઈ શક્યું નથી. આ અંગે શું ઈરાદો હોઈ શકે? તે વિચારી શકાય તેમ છે. મુખ્યમંત્રીશ્રીના ઓનલાઈનમાં અરજી કરી એક માસ થવા છતાં કોઈ પ્રત્યુત્તર સાંપડ્યો નથી.

જો વર્ગ-૧ અધિકારીની આ હાલત હોઈ શકે તો વર્ગ-૪ના કર્મચારી કે અરજદારોની શું પરિસ્થિતિ હોય તેમ વિચારીને ધ્રુજારી અનુભવાય છે.

# શાળા પ્રવેશોત્સવ : વાત બાળકોની મજા અને નિરસતાની

૬થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મેળવવાનો બંધારણીય અધિકાર મળ્યો છે ત્યારે આ વયકક્ષાનાં મહત્તમ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવવા આકર્ષાય તે માટે રાજ્ય સરકારે જે પ્રયાસો કર્યા છે તે પૈકીનો એક મોટો પ્રયાસ એટલે શાળા પ્રવેશોત્સવ.

આધુનિક વિજ્ઞાને સંશોધનો દ્વારા એવું સિદ્ધ કર્યું છે કે વ્યક્તિ પોતાની બાળવયમાં જે શિક્ષણ, તાલીમ મેળવે છે તેની અસર તેના સમગ્ર જીવનકાળ દરમ્યાન રહે છે. આ જ કારણે બાળકો માટે શ્રેષ્ઠ શિક્ષણ એ મહત્ત્વની બાબત ગણાય છે.

અગાઉનાં વર્ષોમાં રાજ્યમાં પ્રાથમિક શાળાઓની સુવિધા ઉપલબ્ધ હતી પણ મહદંશે કેટલાંય ગામોમાં બાળકો કદી શાળામાં પ્રવેશ્યા જ ન હતા. ક્યાંક ક્યાંક શાળામાં પ્રવેશ્યા બાદ અધૂરું શિક્ષણ મૂકીને શાળા છોડી દેતા, શાળામાં ગેરહાજર રહેતા, પરિણામે નાપાસ થતા ને એ કારણે પછી શાળા છોડી જ દેતા. શિક્ષણમાં સ્થગિતતા વધી હતી. ડ્રૉપ આઉટ વધતો જતો હતો, જે કારણે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગુજરાત બહુ અગ્રીમ હરોળમાં સ્થાન નહોતું લઈ શક્યું.

સરકારી આંકડા જણાવે છે કે, કન્યા કેળવણી અને શાળા પ્રવેશ મહોત્સવ કાર્યક્રમને કારણે પ્રાથમિક શાળામાં જતા બાળકોનો ડ્રૉપ આઉટ રેટ ૨૦૦૩-૦૪માં ધોરણ-૧થી પાંચમાં ૧૭.૮૩ ટકા હતો તે ઘટીને ૨૦૧૧-૧૨માં ૨.૦૭ ટકા થયો છે અને ધોરણ-૧થી ૭માં ડ્રૉપ આઉટ રેટ ૩૩.૭૩ ટકા હતો તે ઘટીને ૭.૫૬ ટકા થયો છે. શાળામાં વિદ્યાર્થીઓનું નામાંકન ૧૦૦ ટકા સુધી પહોંચ્યું છે.

આ પ્રવેશોત્સવ એટલે શું ? એવો કોઈને સવાલ થાય તો સરળ જવાબ છે, શાળામાં પ્રવેશ મેળવી રહેલાં બાળકોને આવકારવાં અને એમને મજા પડે એવા વાતાવરણનું આયોજન કરવું એટલે પ્રવેશોત્સવ.





અલબત્ત, આ પ્રવેશોત્સવ સરકાર દ્વારા ઘણી જ ધામધૂમથી ઉજવવામાં આવે છે ને એ કારણે પ્રાથમિક શિક્ષકો ઉપર ઘણાં દબાણો પણ આવે છે. જેમકે, અમુક પ્રકારના મહેમાનોને બોલાવવા, અમુક પ્રકારના પ્રદર્શનો યોજવાં, અમુક પ્રકારની ભેટો બાળકોને આપવી, કાર્યક્રમની રૂપરેખા અમુક પ્રકારની આપવી વગેરે વગેરે.

આ કારણે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો એ બાળકોને આવકારવાના કાર્યક્રમો કરતાં શાળાની પ્રસિદ્ધિના કે

**પ્રસંગસર**

ડાયસના કાર્યક્રમો વધુ બની રહે છે. એમાંય શિક્ષકોએ આવા કાર્યક્રમો માટે જાતે ફંડ એકઠું કરવું પડે છે.

અલબત્ત, પોતાની પ્રતિષ્ઠાને કારણે ને લોકોની સંવેદનશીલતાને કારણે ઓછું-વધારે ફંડ શિક્ષકોને મળી જ રહે છે, પણ એમ કરવામાં શિક્ષકોને ક્યારેક ઘણું દોડવું પડે છે અને આવા કાર્યક્રમો માટે થઈનેય શરમ છોડીને ફંડની ઉઘરાણી કરવી પડે છે.

અલબત્ત, સમાજ આવા કાર્યક્રમોમાં બનતો સાથ આપે જ છે અને એ કારણે કાર્યક્રમો પણ યોજાય જ છે. શાળામાં પ્રવેશતાં બાળકોને કુમકુમ તિલક કરવામાં આવે છે, એમને ઢોલ-નગારાંથી શણગારવામાં આવે છે, એમનું મોં મીઠું કરાવવામાં આવે છે અને એમને પાટી-પૅન, દફતર વગેરે અભ્યાસ સામગ્રી પણ આપવામાં આવે છે. પણ પછીની ક્રિયા કંટાળાજનક બની જાય છે.

ડાયસ કાર્યક્રમ શરૂ થાય છે ને આ બાળકોનો પ્રથમ દિવસ જ સહન દિવસ બની જાય છે. આર્થિક સહાય કરનારા મહેમાનો, સરકારી મહેમાનો, અતિથિઓ વગેરેનું સ્વાગત થાય છે, પ્રિન્સીપાલથી માંડીને મુખ્ય મહેમાન સુધીનાં ભાષણો થાય છે ને આ આખીય ઘટનામાં બાળકોને કાંઈ સમજ પડતી નથી.

જેટલા ઉત્સાહથી એ શાળામાં પ્રવેશે છે એટલા જ નિરસ થઈને તેઓ આ કાર્યક્રમમાં બેસી રહે છે. પણ શું થાય ? કાર્યક્રમની ધૂરા એમના હાથમાં નથી હોતી અને કાર્યક્રમને કંઈક જૂદી રીતે કરવાનું સાહસ હજુ સુધી કોઈએ કર્યું નથી.

તો આવી જ રીતે ઉજવાય છે શાળા પ્રવેશોત્સવ ને ૧૪ જૂનના રોજ પણ યોજાઈ જ રહ્યો છે. સામેલ થાઓ તો જોજો, આમ જ ઉજવાય છે કે કંઈ નવી રીતે ? નવી રીતે ઉજવાય તો જાણ જરૂર કરજો.

**શાળામાં પ્રવેશતાં બાળકોને કુમકુમ તિલક કરવામાં આવે છે, એમને ઢોલ-નગારાંથી શણગારવામાં આવે છે, એમનું મોં મીઠું કરાવવામાં આવે છે અને એમને પાટી-પૅન, દફતર વગેરે અભ્યાસ સામગ્રી પણ આપવામાં આવે છે પરંતુ એ પછીની ક્રિયા કંટાળાજનક બની જાય છે**

# કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

સોમવારની મધુર સવારે રેડિયો ચાલુ કર્યો. આકાશવાણી પરથી શિવમહિમ્ન સ્તોત્રની સૂરીલી રજૂઆતથી ફરી એકવાર સવાર મંગલકારી અને શિવમય બની રહી. અને ત્યારે જ યાદ આવ્યું કે શિવમહિમ્ન સ્તોત્ર ગાને છેલ્લાં ૩૦ વર્ષથી આપણી અનેક સોમવારની સવારો ભક્તિમય અને તરબતર બનાવી છે, ત્યારે એ પણ યાદ આવ્યું કે જાણીતા સંગીતકાર સ્વ. રસિકલાલ ભોજકની આ સ્વર રચનામાં આપણા ગાંધીનગરના જ છૂપા રત્ન સમા ગયાક શ્રી જગદીશ વ્યાસના ગૂંજતા સ્વરથી આ રચના સમૃધ્ધ બનેલી છે.

શ્રી જગદીશભાઈ માણેકલાલ વ્યાસનો જન્મ અને શાળાભ્યાસ રાજકોટમાં. ધોરણ ત્રણના અભ્યાસ દરમ્યાન પ્રથમ ગુરૂ શ્રી પૂ. વિશ્વનાથ વ્યાસના ચરણકમલમાં જગદીશભાઈએ બાળગીતો ગાઈને સંગીતક્ષેત્રે પા-પા પગલી પાડી. જગદીશભાઈનાં માતુશ્રી સૂર-તાલ સાથે હલકભર્યા કંઠે શેરીગરબા અને લગ્નગીતો ગાતાં અને નાનાજી શ્રી સુંદરજી લીલાધર દવે તે સમયે 'નાના મોટાની નાટ્ય કું.'માં કામ કરતા હતા. આમ મૉસાળ પક્ષનો કલા વારસો પામેલા જગદીશભાઈને પણ સંગીત પ્રત્યે ખૂબ જ લગાવ હતો. એ સમયે 'સૌરાષ્ટ્ર સંગીત અકાદમી' રાજકોટ દ્વારા ભારતભરના સુપ્રસિધ્ધ કલાકારોના શાસ્ત્રીય ગાન-નૃત્ય, લોક સંગીત અને સુગમ સંગીતના કાર્યક્રમો માણવાની તક મળી. જેનાથી



હૃદયમાં સંગીતની સરવાણીનો જન્મ થયો અને આવા જ કલાકાર બનવાની પ્રેરણા પણ પ્રાપ્ત થઈ.

ગુજરાત રાજ્યની સ્થાપના સાથે ૧૯૬૦માં પિતાજી અમદાવાદ આવતા જગદીશભાઈની સંગીત સફર આગળ વધી. અમદાવાદમાં સુગમ સંગીતના જાણીતા કલાકારો - સરોજ ગુંદાણી, દિલીપ પટેલ, બંસરી યોગેન્દ્ર, મધૂસુદન શાસ્ત્રી, દિનકર રાવલ વિ.ના સંપર્કમાં આવતાતં સ્વર અને શૉખ કેળવાતા ગયા અને સુગમ સંગીતની શરૂઆત થઈ. આકાશવાણીના સંગીત વિભાગના વડા શ્રી રસિકલાલ ભોજક સાથે પરિચય થતાં જગદીશભાઈએ સુગમ સંગીતનું ઑડિશન આપ્યું અને પોતાના કંઠના કૌવતથી આકાશવાણીના માન્ય કલાકાર તરીકે પસંદ થયા અને તેમને પોતાનાં સપનાં સાકાર થતાં હોય તેમ લાગવા માંડ્યું.

૧૯૬૨માં જગદીશભાઈ સરકારી નૉકરીમાં જોડાયા. ગુજરાતનાં જૂદાં-જૂદાં સ્થળોએ કરેલી નૉકરીમાં ભાવનગરના પોસ્ટીંગ દરમ્યાન ત્યાંની જાણીતી કલા સંસ્થા 'સપ્તકલા'માં નિયમિત રિયાઝ અને કાર્યક્રમોના કારણે તેમની ગાયકી ઉચ્ચતમ બનતી ગઈ.

૧૯૬૭માં જગદીશભાઈની બદલી અમદાવાદ થતાં આકાશવાણી, અમદાવાદના કોરલ ગૃપમાં નિયમિત ગાવાનું શરૂ કર્યું. કોરલ ગૃપ આયોજિત કાર્યક્રમોમાં મહાન સ્વરકાર નૌશાદ અલી, મશહૂર શાયર હસરત જયપુરી તથા કેન્દ્રીય માહિતી પ્રધાન શ્રી વસંત સાઠેની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમોમાં જગદીશભાઈએ પોતાના સૂરીલા સ્વરની સાબિતી આપીને સરાહના મેળવી.

જગદીશભાઈ ૧૯૭૯થી ગાંધીનગરમાં સ્થાયી થયા છે. ગાંધીનગરમાં યોજાતી બેઠકોમાં શરૂઆતમાં પોતાની ગાયકીનો ગાંધીનગરાઓને સુપેરે પરિચય આપ્યો. જગદીશભાઈ અને લઘુ બંધુ તથા જાણીતા ગાયક જિતેન્દ્ર વ્યાસ (માલીભાઈ) - બંને ભાઈઓ જ્યારે રસિકલાલ ભોજક સ્વરાંકિત ભજન 'દરસ બિન દુખ ન લાગે નૈન' સાથે રજૂ કરતા ત્યારે શ્રોતાગણ સુરસમાધિમાં ડૂબી જતા. બીજા નાના ભાઈ અને એ પણ જાણીતા ગાયક એવા અનંતભાઈ કે જેઓ રાજકોટ ખાતે 'ઈ' સ્વરમ્' સંગીતની સંસ્થા ચલાવે છે તેના કાર્યક્રમોમાં છેલ્લાં ઘણાં વર્ષોથી જગદીશભાઈ અવારનવાર પોતાના કંઠનાં કામણ પાથરે છે. જાણીતા સ્વરકાર સ્વ. પરેશ ભટ્ટ સાથે ઈ સ્વરમના કાર્યક્રમમાં ગાવાનું સદ્ભાગ્ય જગદીશભાઈને પ્રાપ્ત થયું હતું. જ્યારે તેમના વડીલ બંધુ શ્રી વિનુભાઈ વ્યાસ જેઓ છેલ્લાં ૫૦ વર્ષથી આકાશવાણી અને દૂરદર્શનના 'એકઝમ્પટેડ કલાકાર' છે. તેમની હૂંફ અને માર્ગદર્શન પણ જગદીશભાઈને ખૂબ ઉપયોગી થયા.

જગદીશભાઈ જૂની ફિલ્મોના જાણીતા ગીતો ગાવામાં ખૂબ માહિર છે. જાણીતા પાર્શ્વ ગાયક મન્ના ડે તેમના પ્રિય ગાયક છે. 'પૂછો ના કૈસે મૈને રૈન બિતાઈ, કૌનઆયા મેરે મન કે દ્વારે' વિ. ગીતો જગદીશભાઈના કંઠે સાંભળવા એ એક લ્હાવો છે. આકાશવાણી પરથી જગદીશભાઈએ ગાયેલ અને અવારનવાર પ્રસારિત થથી કૃતિઓમાંની તેમને પ્રિય એવી 'ધન મોલાજી, ધન સાયાજી' જે જગદીશભાઈ અને બાલકૃષ્ણ વૈષ્ણવની બેલડીએ ગાયેલ છે અને શ્રી જયંત પલાણની જાણીતી રચના 'દાન દે વરદાન દે, નરસિંહ અને મીરાં સમા કંઠમાં કંઈ ગાન દે' સાંભળીને ખરેખ પ્રતીતિ થાય છે કે પ્રભુએ જગદીશભાઈના કંઠને વરદાન આપી જ દીધું છે!

સિનીયર અને નીવડેલા કલાકાર જગદીશભાઈએ પોતાની ગાયકી અને અનુભવનું ભાથું ગાંધીનગર ખાતે જાણીતા ગાયક સ્વરકાર બિરેન પુરોહિત સંચાલિત સુગમ સંગીતના વર્ગોમાં વ્હેંચીને યુવાન કલાકારો વિકાસ શેઠ, વિશાલ, પ્રિયંકા પંડ્યા વિ. કલાકારોના વિકાસમાં ખૂબ મદદરૂપ થયા છે. ગાંધીનગરના જાણીતા કલાગુરૂ પિનાકીનભાઈ વ્યાસના વર્ગોમાં નવોદિત કલાકારોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપી સુગમ સંગીત ક્ષેત્રે તૈયાર કરવાનું આમંત્રણ જગદીશભાઈને મળ્યું છે જેમનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો છે. ગાંધીનગરની નવી પેઢી માટે આ આનંદદાયક સમાચાર છે.

શાંત, મિલનસાર, આનંદી અને લાગણીશીલ સ્વભાવ ધરાવનાર જગદીશભાઈને સંગીત ક્ષેત્રે આપેલી સેવાઓ અને પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ બદલ ગાંધીનગરની જાણીતી સંસ્થા 'અવસર' તેમજ સરગમ સ્કૂલ ઑફ મ્યુઝીક ઍન્ડ ડાન્સ દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ છે. આકાશવાણી અમદાવાદ વડોદરાના સુગમ સંગીતના 'બી' ગૃપના માન્ય કલાકાર તરીકે ૩૦ વર્ષો સુધી પોતાનો સૂરીલો કંઠ વહેતો રાખ્યો છે. જગદીશભાઈની એક મહેચ્છા છે કે ગાંધીનગરના દરેક સિનીયર કલાકારને એક મંચ પર એકઠા કરીને એક સરસ મજાના કાર્યક્રમનું આયોજન થાય.

જગદીશભાઈ સાથે વાત કરવા તેમના ઘેર જવાનો મૉકો મળ્યો, ત્યારે ત્યાં જાણવા મળ્યું કે પુત્રી તૃપ્તિ, દોહિત્રી ધ્યાનિ, દીકરો કલ્પેશ વિ. કુટુંબીજનો પણ સંગીત અને ગરબાના અચ્છા કલાકાર છે. પ્રેમાળ પત્ની પ્રફુલ્લાબેન, પુત્ર-પુત્રવધૂ, દીકરી-જમાઈ, પૌત્રી અને દોહિત્રી તથા મિત્રો યોગી-ખ્યાતિ દેસાઈ વચ્ચે ઘેરાઈને બેસેલા અને બાળકોની ફરમાઈશ પુરી કરતા જગદીશભાઈને વાતો કરતા અને ગાતા સાંભળતા સાંભળતા એક યાદગાર સાંજ ક્યાં પુરી થઈ ગઈ તેની ખબર પણ ન રહી.....!

હું જાણું છું કે તળિયે જઈ લપાયાં છે મોતી,

જઈને ખૉળવા બેસું તો વરસોનાં વરસ લાગે.... આદિલ મનસુરી